અરજી નં.૩૫૨ તા.૨૦–૨–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
(૨) ડે.કમિશ્નર (હે. અને હો. )અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ તા.૧૯–૧–૦૯ની શ્રી ગુલામભાઈ મેમણ અરજીથી કતારગામ ઝોનમાં ડોર ટુ ડોર કચરો ઉઠાવતી ગાડીઓ કેટલી? જેમાં ફોરવીલ અને થ્રીવીલ ગાડીઓ કેટલી? તેના ડ્રાઈવરો લાયસન્સ ધરાવે છે? કેટલાના લાયસન્સ રીન્યુ કરવાના બાકી છે ?અનુ કેટલા લાયસન્સ વગરના છે? તેની તપાસ કયારે અને કેટલી વાર થાય છે?થ્રીવીલ વાહનો આરટીઓના ૨૦૦૫ ના કાયદા મુજબ પ્રદુષણ મુકત શહેર એટલેકે સી એન.જી કરવું ફરજીયાત છે તો તેમાં સી એન.જી કાયદાનો અમલ કરેલ છે? જો સી એન.જી ન હોય તો કયા કાયદા મુજબ ડીઝલ ગાડીઓનો ઈજારો આપવામાં આવ્યો છે ઈજારાદારના નામ સરનામાં અને ટેલીફોન નંબર, ડોર ટુ ડોર કચરો ઉઠાવનારની ચેકીંગો માસવાર કેટલીવાર થાય છે જેના રીપોર્ટ વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૫૨/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૯–૧–૦૯ની અરજીથી કતારગામ ઝોનમાં ડોર ટુ ડોર કચરો ઉઠાવતી ગાડીઓ કેટલી? જેમાં ફોરવીલ અને થ્રીવીલ ગાડીઓ કેટલી? તેના ડ્રાઈવરો લાયસન્સ ધરાવે છે ?કેટલાના લાયસન્સ રીન્યુ કરવાના બાકી છે ?અનુ કેટલા લાયસન્સ વગરના છે તેની તપાસ કયારે અને કેટલી વાર થાય છે? થ્રીવીલ વાહનો આરટીઓના ૨૦૦૫ ના કાયદા મુજબ પ્રદુષણ મુકત શહેર એટલેકે સી એન.જી કરવું ફરજીયાત છે તો તેમાં સી એન.જી કાયદાનો અમલ કરેલ છે? જો સી એન.જી ન હોય તો કયા કાયદા મુજબ ડીઝલ ગાડીઓનો ઈજારો આપવામાં આવ્યો છે, ઈજારાદારના નામ સરનામાં અને ટેલીફોન નંબર, ડોર ટુ ડોર કચરો ઉઠાવનારની ચેકીંગો માસવાર કેટલીવાર થાય છે જેના રીપોર્ટ વિગેરેની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૪ અને ૬ ના જવાબના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૫ તા.૭–૩–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) અને ડે.કમિશ્નર (હે. અને હો. )અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) તથા અરજદારે મુદ્દા નં.૪ અને ૬ અંગે કરેલ દાવા બાબતે અપીલના આધાર અને વાજબીપણું રજુ કરવા તથા મળેલ માહિતીની નકલ રજૂ કરવા બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કોઈ પૂરક વિગતો પૂરી પાડેલ નથી પરંતુ તા.૧૯–૩–૦૯ ના પત્ર નં.એન.ઝેડ/૯૧૫૭ થી અરજદાર શ્રી ગુલામભાઈ મેમણની તેઓની કચેરીએ મળેલ અને અપીલના મુદ્દા નં.૬ ના જવાબની જરૂરીયાત ન હોઈ અપીલ દફતરે કરવા જણાવતાં પત્રની નકલ મોકલેલ છે. તેમજ અરજદારે પણ પત્ર પાઠવી તક આપવા છતાં આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ મુદ્દા નં.૬ ની માહિતીની નકલ પણ રજૂ કરેલ નથી.

અરજદારની તા.૧૯–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી મુદ્દા નં.૧ થી ૭ અંગે અરજદારે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારીને કરેલ અરજી સંદર્ભે મુદ્દા નં.૩ અને ૪ અંગે નોર્થઝોનના પત્ર નં.૭૫૬૧ તા.૨૯–૧–૦૯ થી ડે.કમિશ્નર (હે અને હો)ને તબદીલ કરેલ છે. જે પૈકી અરજદારે મુદ્દા નં.૪ અને ૬અંગે ખોટા અને ગોળ ગોળ જવાબ આપેલ હોવાનું જણાવી જેની સાચી માહિતીની માંગણી કરેલ છે. તેમજ આરટીઆઈ એકટ હેઠળ પગલા ભરવા જણાવેલ છે. જેના સંદર્ભે મુદ્દા નં. ૩ અને ૪ અંગે ડે.કમિશ્નર (હેઅનેહો) એ પીએચડી/સો.વે.મે./આ.નં.૨૫૮૮ તા.૧૦–૨–૦૯ થી અરજદારને પાઠવેલ જવાબની નકલ રજૂ કરેલ છે. જે મુજબ મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવેલ છે કે ટેન્ડર શરત મુજબ આરટીઓ માન્ય વાહનો વપરાશમાં લેવાના રહે છે અને તેમ છે. જયારે મુદ્દા નં.૪ અંગે ડીઝલ વાહનોનો ઈજારો આપવામાં આવેલ નથી પરંતુ ઘનકચરાના નિકાલ અને વ્યવસ્થાપન નિયમો હેઠળ બંધ બોડીની આરટીઓ માન્ય વાહનોનો ઈજારો આપેલ હોવાની માહિતી આપલ છે. જયારે મુદ્દા નં.૧ અને ૨ તથા ૫ અને ૬ ના કતારગામ ઝોન તરફથી આપેલ માહિતી બાબતે બંને પક્ષકારોને પત્ર પાઠવવા છતાં અત્રેના વિભાગને પૂરી પડાયેલ નથી. પરંતુ અરજદારે માત્ર મુદ્દા નં.૬ માટે અપીલ કરેલ અને તે ૧૮–૩–૦૯ ની અરજીથી પરત ખેંચેલ છે. જેની મુળ નકલ જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧૯–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે મુદ્દા નં.૪ અને ૬ અંગે કરેલ અપીલ જેમાં મુદ્દા નં.૪ ની માહિતી ડે.કમિશ્નર (હે અને હો) તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયલ છે. જેની નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે મુદ્દા નં.૬ અંગે અરજદારે અપીલ અરજી પરત ખેંચી દફતરે કરવા જણાવેલ હોઈ અપીલ બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ડે.કમિશ્નર (હે. અને હો. ) અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) ... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગુલામભાઈ મેમણ,